# <u>પ્રેસ નોટ</u>

## સાઉથઝોન-બી(કનકપુર)માં ચાલી રહેલ વેરા વસુલાત ઝુંબેશ

સાઉથઝોન-બી(કનકપુર)ના ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી મીનાબેન ગજ્જરની સુચના મુજબ મે.ઈ.ચા.આસી. મ્યુનિ.કમિશ્નરશ્રી પી.આર.પ્રસાદ ના માર્ગદશન હેઠળ આકારણી અને વસુલાત અધિકારીશ્રી ચેતન એસ.પાટીલ અને આકારણી અને વસુલાત વિભાગના સ્ટાફ ધ્વારા છેલ્લા બે દિવસમાં વોર્ડની મિલકતોના કુલ બાકી વેરાના આશરે રૂા. ૭૧ લાખ સામે વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલકતોને ટાંચમાં લઈ કુલ ૬૩ મિલકતો સીલ તથા ૧૫ મિલ્કતોનો નળ કનેક્શન બંધ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂા. ૪૪ લાખ રકમની વસુલાત તથા રૂા. ૧૭ લાખ ના એડવાન્સ ચેક સહિત કુલ રૂા. ૬૧ લાખ વસુલાત કરવામાં આવેલ છે. તા. ૨૧/૦૨/૨૦૨૬ સુધીમાં કુલ ૮૨.૩૦ કરોડ ડિમાન્ડની સામે કુલ ૪૫ કરોડ, ૫૪.૭૨% ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં, આગામી દિવસોમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલકતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે તથા રેસીડન્સી એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. તથા ખુલ્લા પ્લોટોના મિલ્કતદારોને દૈનીક પેપરમાં જાહેર નોટીસ આપી વેરો ભરપાઇ કરવા જણાવેલ છે તેમ છતા જેઓ દ્વારા વેરો ભરપાઇ કરેલ નથી તેવા ખુલ્લા પ્લોટો વાળી મિલ્કતો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર છે.

આથી જે કરદાતાઓનો મિલકત વેરો બાકી છે તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં..૫૯૦....
તા. ૨૧/૦૨/૨૦૨૬